**તાત્કાલિક.**

ક્રમાંકઃપીડીઈ/૧૦૨૦૦૧/૯૦૨/ ગ
ગૃહ વિભાગ, ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર.
તા. 3 JUN 2003

**વિષયઃ— ન્યાયની અદાલતો ધ્વારા ફોજદારી કેસોના ચુકાદાની નકલો મોકલવા બાબત.**

**પરિપત્ર:**

ગુજરાત પોલીસ મેન્યુઅલ,૧૯૭૫, ગ્રન્થ ૩ ના નિયમ–૨૭૧(૧)(૨)(૩)(૪) તથા નિયમ ૨૭૨(૩)(૫) થયેલ જોગવાઈઓ અન્વયે, ન્યાયની અદાલતો ફોજદારી કેસોમાં ઈન્સાફની કાર્યવાહી બાદ જે ચુકાદાઓ આપે છે તેની નકલ જીલ્લા મેજીસ્ટ્રેટ મારફતે તમામ પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરશ્રીઓને પાઠવવામાં આવે છે. અને ઉપરોક્ત નિયમોમાં થયેલ જોગવાઈઓ અનુસાર જે તે જીલ્લા પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરોની કચેરીમાં આ અંગેનું નિયત રજીસ્ટર નિભાવવાનું હોય છે તથા ચુકાદાઓની ચકાસણી કરી જે ચુકાદાઓમાં અદાલતો ધ્વારા તપાસ સંબંધે કોઈ ટીકા ટીપ્પણ હોય, વિપરીત નોધ કરેલ હોય, અથવા સુધારાત્મક પગલા લેવા માટે કોઈ દિશા સુચન કર્યુ હોય તેવા કેસોમાં જે તે પોલીસ અધિક્ષક/પોલીસ કમિશ્નરે સદર નિયમોમાં કરેલ જોગવાઈઓ અનુસાર જરુરી પગલા લઈ આગળની કાર્યવાહી કરવાની વિસ્તૃત સુચનાઓ આપવામાં આવેલી છે.

ઉપરોક્ત નિયમોની જોગવાઈઓ સ્પષ્ટ હોવા છતાં, કેટલાક કિસ્સાઓમાં એવુ ધ્યાન ઉપર આવેલ છે કે, ન્યાયની અદાલતો ધ્વારા ફોજદારી કેસોમાં આરોપીઓને છોડી મુકતા ( Aquital ) ચુકાદાની નકલો જીલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ તરફથી પોલીસ એકમોને દરેક કેસમાં નિયમિત મળતી નથી. જેથી, ન્યાયની અદાલતો ધ્વારા ફોજદારી કેસોના ચુકાદામાં તપાસ અધિકારીની તપાસ અંગેની વિસંગતતાઓ, ત્રુટીઓ અને ગેરરીતિઓ સંબંધમાં સ્પષ્ટ ટીપ્પણીઓ કરેલ હોવા છતાં જે તે સક્ષમ અધિકારીઓ મારફતે શિક્ષાત્મક પગલાં સમયસર લઈ શકાતા નથી, અને ઘણા કિસ્સામાં એવુ પણ ધ્યાન ઉપર આવેલ છે કે અધિકારીઓ નિવૃત થઈ જાય ત્યાં સુધી આ ચુકાદામાં થયેલ ટીકા ટીપ્પણ ઉપર કોઈ પણ પ્રકારના પગલા લીધા સિવાય રાખી મુકવામાં આવે છે.

આથી, તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓને સુચના આપવામાં આવે છે કે, જ્યારે પણ ન્યાયની અદાલતો ધ્વારા ફોજદારી કેસોમાં આરોપીઓને છોડી મુકતા ચુકાદા આપે ત્યારે તેની નકલ સંબંધિત પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીશ્રી તથા પોલીસ મહાનિદેશકશ્રીને અચુક મોકલી આપવી.

DFA-P.B.P.

આ બાબતમાં કોઈ પણ પ્રકારની ઢીલી નીતી અખત્યાર કરવામાં આવશે તો જે તે સક્ષમ અધિકારીની જવાબદારી ગણી શિક્ષાત્મક પગલાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે જેની તમામ અધિકારીઓએ નોંધ લેવી.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એ. એસ. લસાવા.)
નાયબ સચિવ,
ગૃહ વિભાગ.

પ્રતિ,
તમામ જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીઓ.

<u>નકલ રવાના:</u>

માન. મુખ્ય મંત્રીશ્રીના સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
માન.રાજયકક્ષાના મંત્રીશ્રી (ગૃહ)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
તમામ પોલીસ મહાનિદેશકશ્રીઓ/અધિક પોલીસ મહાનિદેશકશ્રીઓ.
તમામ ખાસ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ/નાયબ પોલીસ મહાનિરીક્ષકશ્રીઓ.
તમામ પોલીસ કમિશ્નરશ્રી/પોલીસ અધિક્ષકશ્રીઓ/સેનાપતિશ્રી, રાજય અનામત પોલીસ દળ
સીલેકટ ફાઈલ.
નાયબ સેકશન અધિકારી સીલેકટ ફાઈલ.

(વી. એમ. દવે)
સેકશન અધિકારી
ગૃહ વિભાગ.

DFA-P.B.P.